# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર

**અખબારી યાદી** **તા. ૨૩-૧૦-૨૦૧૨**

- ૮ હજાર કરોડ રૂપિયા કે.જી. બેસીન, ઈજીપ્ત અને બીજી જગ્યાએ ગેસના ખોદાણ માટેના બરબાદ કર્યા પછી હવે G.S.P.L. દ્વારા ક્રોસ કન્ટ્રી પાઈપલાઈનમાં પણ મોટો ભ્રષ્ટાચાર.
- મોદી સરકાર એવી શરત રાખીને ટેન્ડરો બહાર પાડવા માંગે છે કે જેથી કરોડો રૂપિયાની ગેસની પાઈપલાઈનનું કામ કચ્છમાં લાભ લઈ રહેલી એક પાઈપ મેન્યુફેકરીંગ કંપનીને જ કામ મળે.
- આધારભૂત વર્તુળોમાંથી જાણવા મળ્યું છે કે, કરોડો રૂપિયાની ગેસ પાઈપલાઈનના કોન્ટ્રાક્ટનું કામ પોતાના માનીતાને અપાવીને ભાજપની સરકાર ૫૦૦ કરોડ રૂપિયાનું ચૂંટણી ભંડોળ એકત્રિત કરવા માંગે છે.
- G.S.P.C., G.S.P.L., ઉર્જા વિભાગ અને નાણા વિભાગ ઉપરાંત મુખ્યમંત્રીશ્રીના કાર્યાલય દ્વારા પાઈપલાઈનના કામમાં ભ્રષ્ટાચાર માટેનું ષડયંત્ર.
- ગુજરાતના મુખ્યમંત્રી ગુજરાતની જનતાને જણાવે કે, શા માટે G.S.P.C.ના કામોમાં પારદર્શકતા નથી ?
- સ્પર્ધાત્મક ભાવો થાય અને અનેક કંપનીઓ ટેન્ડરમાં ભાગ લે તેવી જોગવાઈના બદલે માત્ર ચોક્કસ કંપની જ ટેન્ડરમાં ભાગ લઈ શકે તેવી શરત શા માટે ?
- ૭ વર્ષ પહેલાં કહ્યું હતું કે, ૨૦ TCF ઓઈલ અને ગેસ મળી ગયો છે. મારા ગુજરાતીઓ ચકલી ખોલશે અને પેટ્રોલ તથા ઓઈલ મેળવશે, પરંતુ આજે તેમાંનું કશું જ નથી.
- પીપાવાવ ખાતેના ૫ હજાર કરોડના LNG ટર્મિનલના પ્રોજેક્ટને મુખ્યમંત્રીશ્રીના માનીતાના લાભાર્થે પીપાવાવથી કચ્છ ફેરવવામાં આવ્યો છે.

ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન (G.S.P.C.) ૮ હજાર કરોડ રૂપિયા કે.જી. બેસીન, ઈજીપ્ત અને અન્ય જગ્યાએ ગેસ અને ઓઈલના સંશોધનના નામે ઉડાવી ચૂક્યા બાદ હવે ક્રોસ કન્ટ્રી પાઈપલાઈનના નામે પણ એક મોટો ભ્રષ્ટાચાર કરવા આગળ વધી રહેલ છે. કચ્છમાં મોટા ફાયદાઓ લઈ ચૂકેલી પાઈપ મેન્યુફેકચરીંગ કંપનીને ફાયદો થાય તે માટે એક ષડયંત્ર રચાઈ રહ્યું છે. ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશનની ગ્રુપ કંપની G.S.P.L.ને ક્રોસ કન્ટ્રી ગેસ પાઈપલાઈન પ્રોજેક્ટનું કામ મળેલું છે. મહેસાણા-ભટીન્ડા ૧,૬૧૧ કિ.મી., ભટીન્ડા-શ્રીનગર ૭૪૦ કિ.મી. અને માલાવરમ્-ભોપાલ-ભિલવારા-વિજાપુર ૧,૭૩૮ કિ.મી.ની પાઈપલાઈન નાંખવાની છે. G.S.P.L. કંપની ૫૨% હિસ્સો ધરાવે છે, જ્યારે તેની ભાગીદાર કંપનીઓ તરીકે I.O.C.L., B.P.C.L. અને H.P.C.L.નો અનુક્રમે ૨૬%, ૧૧% અને ૧૧% હિસ્સો છે. પાઈપલાઈનના ઉપરોક્ત દર્શાવેલ ત્રણ પ્રોજેક્ટોની કિંમત ૧૩ હજાર કરોડ રૂપિયાની છે. આ પાઈપલાઈન પ્રોજેક્ટનું કામ G.S.P.L. કંપની દ્વારા કરવાનું છે, તેમાં પ્રવર્તમાન મુખ્યમંત્રીશ્રીના ઈશારાથી જે ટેન્ડરો બહાર પડવાના છે તેમાં એવી શરત મૂકવાની પેરવી ચાલી રહી છે કે જેથી કચ્છમાં આવેલી એક કંપની કે જેણે અગાઉ પણ મોટા ફાયદાઓ મુખ્યમંત્રીશ્રીની મહેરબાનીથી મેળવ્યા છે તેને જ કાર્ટેલ કરીને કામ મળી જાય. આધારભુત વર્તુળોમાંથી જાણવા મળ્યા મુજબ, મુખ્યમંત્રીશ્રીને ત્યાંથી જ સૂચના આપવામાં આવી છે કે, ટેન્ડરની કન્ડીશન એવી રીતે ગોઠવવાની કે જેથી સ્પર્ધાત્મક રીતે બીજી કોઈ કંપનીઓ આ ટેન્ડર પ્રક્રિયામાં ભાગ જ ન લઈ

શકે અને કચ્છમાં આવેલી મુખ્યમંત્રીશ્રીની એક માનીતી કંપની પોતાના એક-બે મળતિયાઓનું કાર્ટેલ કરીને મનફાવે તેવા ભાવથી કરોડો રૂપિયાનું કામ મેળવી લે. અંતરંગ વર્તુળોમાંથી મળેલી માહિતી મુજબ, આ કંપનીએ પ્રવર્તમાન મુખ્યમંત્રીશ્રી અને ભારતીય જનતા પક્ષને ૫૦૦ કરોડ રૂપિયા ઈલેકશનનું ફંડ આપવાની ખાતરી આપી છે. આ આખા ષડયંત્રમાં G.S.P.L., G.S.P.C., ઉર્જા વિભાગ અને નાણા વિભાગ ઉપરાંત મુખ્યમંત્રી કાર્યાલયની સીધી સંડોવણી અને દોરીસંચાર છે. કચ્છની આ કંપનીએ મુખ્યમંત્રીશ્રીના આશીર્વાદથી જ અગાઉ પાણીની પાઈપલાઈનનું કામ પણ મેળવી લીધું હતું.

ઉર્જા વિભાગ અને તેના હસ્તકનું G.S.P.C. એ ભ્રષ્ટાચાર માટેનું સૌથી મોટું પ્લેટફોર્મ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ છેલ્લા ૧૦ વર્ષમાં બનાવી દીધું છે. ૨૦૦૫ની સાલમાં ગુજરાતના મુખ્યમંત્રીએ મોટી જાહેરાત કરી હતી કે, મને ૨૦ TCF ઓઈલ અને ગેસ કે.જી. બેસીનમાં મળી ગયેલો છે. મારો ગુજરાતી ભાઈ બે વર્ષમાં હવે ચકલી ખોલશે અને પેટ્રોલ તથા ઓઈલ પ્રાપ્ત કરી શકશે. આ વાતને આજે ૭ વર્ષ થયા, પરંતુ હજી સુધી એક સ્ટાન્ડર્ડ ક્યુબીક ફીટ પણ ગેસ કે.જી. બેસીનમાં મળ્યા હોવાનો કોઈ જ પુરાવો પ્રાપ્ત થયેલ નથી.

G.S.P.C દ્વારા પીપાવાવ ખાતેના પાવર પ્લાન્ટને મુખ્યમંત્રીશ્રીના માનીતી સ્વાન એનર્જીને મફતના ભાવે હિસ્સો આપી દેવાનો અને કાર્બન ક્રેડીટના ૭૦% આપી દેવાનો ભ્રષ્ટાચાર પણ કરવામાં આવ્યો હતો. વિરોધપક્ષના નેતાએ ગુજરાતની આ પ્રોપર્ટી બચાવવા માટે નામદાર હાઈકોર્ટ સમક્ષ જાહેર હિતની અરજી કરવી પડી હતી અને જ્યારે જાહેર હિતની અરજીના કેટલાક મુદ્દાઓનો જવાબ સરકાર આપી શકે તેમ ન હતી ત્યારે સ્વાન એનર્જી પાસેથી સામેથી ખસી જવા માટેનો કાગળ આપવો પડયો હતો અને પાવર પ્લાન્ટની ટેન્ડર વગરની પ્રક્રિયાથી મફતના ભાવે સ્વાન એનર્જીને ફાયદો આપવાની આખી યોજના પડી ભાંગી હતી. પીપાવાવ ખાતે LNG ટર્મિનલ સ્થાપવાની વાતો થઈ હતી અને તેમાં આગળ કાર્યવાહી પણ થઈ હતી. પાવર પ્લાન્ટ પીપાવાવ ખાતે જ્યારે સંપૂર્ણ ઉભો થવા આવ્યો છે ત્યારે ગેસ માટેની LNG ટર્મિનલ એ પીપાવાવ સ્થાપવાને બદલે મુખ્યમંત્રીશ્રીના માનીતા ઉદ્યોગપતિના લાભાર્થે કચ્છમાં લઈ જવાની પ્રક્રિયા પણ ભ્રષ્ટાચારનો જ એક ભાગ છે. હકીકતમાં કચ્છ એ ધરતીકંપથી અસરગ્રસ્ત ભૂમિ છે અને તે જગ્યાએ LNG ટર્મિનલ એ કચ્છની સલામતી માટે પણ વ્યાજબી નથી. તેમ છતાં, મુખ્યમંત્રીશ્રીએ આ નિર્ણય પોતાના એક માનીતાના લાભાર્થે જ કરેલો છે.

ભ્રષ્ટાચાર મુક્ત વહીવટની વાતો કરનારા મુખ્યમંત્રીએ ક્યારેય પોતાના ભ્રષ્ટ વહીવટમાં પારદર્શકતા દર્શાવી નથી. G.S.P.C.ના અને ઉર્જા વિભાગના અનેક ભ્રષ્ટ વહીવટમાં R.T.I. નીચે જ્યારે પણ માંગણી કરવામાં આવી છે ત્યારે તેની માહિતી આપવામાં આવતી નથી. આ વિભાગની સામે કરેલી અનેક R.T.I.ની અપીલો એ કમિશન પાસે લાંબા સમયથી પેન્ડીંગ છે અને કોઈ જ માહિતી R.T.I.ના કાયદા નીચે પણ એટલા માટે આપવામાં આવતી નથી, કારણ કે, મુખ્યમંત્રીશ્રી દ્વારા થયેલો ભ્રષ્ટાચાર ઉજાગર થઈ જાય.

---

પ્રતિ,

તંત્રીશ્રી,

ઉપરોક્ત પ્રેસનોટ આપના અખબારમાં પ્રદર્શિત કરવા માન. વિરોધપક્ષના નેતા શ્રી શક્તિસિંહ ગોહિલે વિનંતી કરી છે.

**(જે. જે. રસાણીયા)**
અંગત મદદનીશ